| | | |
|---|---|---|
| અરજી આવ્યા તા | : | ૨૮–૦૨–૨૦૨૬ |
| અરજી દાખલ તા | : | ૨૮–૦૨–૨૦૨૬ |
| અરજી નિકાલ તા | : | ૨૦–૦૩–૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૦ – ૦૦ – ૨૦ |

## નવસારી જિલ્લાનાં મહે. ત્રીજા એડિશ્નલ સેશન્સ જજ સાહેબ શ્રી ની કોર્ટમાં, મુકામ : નવસારી, જી. નવસારી

**ફોજદારી પરચુરણ જામીન અરજી નં.૨૫૦/૨૦૨૬**
(સ્ટેટ મોનીટરીંગ સેલ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૯૯૫૦૦૧૨૬૦૦૦૩/૨૦૨૬)
**આંક –૦૬**

**અરજદાર:** :– **વાસુદેવ ઉર્ફે વાસુ ઈશ્વરભાઈ પાટીલ**
ઉ.આ.વ. : ૨૫, ધંધો : મજુરી,રીક્ષા ડ્રાઈવીંગ,
રહેવાસી : સહયોગ સોસાયટી–૧ ની સામે, હનુમાન નગર, ગલી નં.૧,
વિજલપોર, તા.વિજલપોર,જિ.નવસારી.

**વિરુધ્ધ**

**સામાવાળા**:– **નામદાર સરકાર**

**અરજ** :– ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ ની જોગવાઈ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે...

---

અરજદાર તરફે વિ.વ. **શ્રી એન.કે.ભાવસાર(એલ.એ.ડી.સી.નવસારી)**
સામાવાળા તરફે વિ. સરકારી વકીલ. **શ્રી બી. ડી. રાઠોડ**

---

### –:: ચુ કા દો ::–

**૧.** અરજદાર/આરોપીએ હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે કરેલ છે.

**૨.** અરજદાર/આરોપી વિરુધ્ધ સ્ટેટ મોનીટરીંગ સેલ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૯૯૫૦૦૧

૨૬૦૦૦૩/૨૦૨૬ થી ધી એન. ડી. પી.એસ. એકટ–૧૯૮૫ ની કલમ–૮(સી), ૨૦ [બી {II(એ)}], ૨૨(સી), ૨૯ તથા બી.એન.એસ.કલમ–૨૨૩ મુજબ મુજબનો ગુનો નોંધાયેલ અને સદરહુ ગુનાના કામે અરજદાર/આરોપીની અટક કરવામાં આવેલ છે, અને હાલ તેઓ જયુડિશીયલ કસ્ટડીમાં હોઈ, જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજ કરેલ છે.

3. સદર અરજી રજૂ થતાં સરકારશ્રીને નોટિસ પાઠવવામાં આવેલી, જેના અનુસંધાને સામાવાળા તરફે વિ. સરકારી વકિલશ્રી બી. ડી. રાઠોડ હાજર થયેલા છે અને તેઓ મારફતે આંક–૦૫ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ રજુ કરેલ છે.

૪. અરજદાર/આરોપીનાં વિ.વકિલશ્રી એન.કે.ભાવસાર(એલ.એ.ડી.સી.નવસારી) નાએ તેઓની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ ઈસમ છે કહેવાતા ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપીને હાલના ગુનાના કામે તા.૨૮–૦૧–૨૦૨૬ નાં રોજ અટક કરવામાં આવેલ છે અને ત્યારથી તેઓ જયુડિશ્યલ કસ્ટડી હેઠળ છે. તેઓની વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીનાં પ્રત્યક્ષ કબ્જામાંથી કોઈ પ્રોહીબીટેડ મુદ્દામાલ મળી આવેલ નથી. કલમ–૨૭ ની જોગવાઈ મુજબ ૧૦૦૦ ગ્રામ સુધીનો જથ્થો સ્મોલ કવોન્ટિટી તરીકે ગણવામાં આવે છે તેની ઉપરનો જથ્થો કોર્મશીયલ ગણાય. સદર ગુનાના કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ સ્મોલ કવોન્ટિટીમાં છે. અરજદાર/આરોપી નવસારી જિલ્લાના સ્થાનિક રહેવાસી છે, હીરા ઘસવાનું કામ કરી પોતાનું તથા પરિવારનુ ભરણપોષણ કરતા આવેલ છે. તેઓ કયાંય નાસી–ભાગી જાય તેવા નથી. અરજદાર/આરોપી સામેના કેસનો નિર્ણય આવતા લાંબો સમય જાય તેમ છે અને તે દરમ્યાન જામીનમુકત કરવામાં ન આવે તો પ્રી–ટ્રાયલ કન્વીકશન થાય તેમજ તેમના કુટુંબ ભૂખે મરવાનો વારો આવે તેમ છે. અરજદાર/આરોપી ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવાની તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાત્રી આપે છે. વધુમાં દલીલનાં સમર્થનમાં નીચે મુજબનાં ચુકાદાઓ રજુ રાખેલા છે.

(૧) ૧૯૯૧ સુપ્રિમ(કેએઆર)૪૧૩–૧૯૯૨ સીઆરએલજે ૨૦૫, ૧૯૯૨ આઈએલઆર

(કેએઆર) ૧૯૯૧ :૧૯૯૧ ૪ કેએઆરએલજે ૬૯૪ :૧૯૯૨ કેએચસી ૧૧૦૪, કર્ણાટકા હાઈકોર્ટ, શંકર ક્રિષ્નના હબીબ વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા

(૨) ૨૦૧૧(૦) એઆઈજેઈએલ–એસસી ૫૦૭૦૯ સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા, સંજય ચંદ્રા વિ.સી.બી.આઈ.

આ તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ હાલની આ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

**૫.** સામાવાળા તરફે વિ. સરકારી વકિલશ્રી બી. ડી. રાઠોડનાએ હાજર થઈ દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ અગાઉ અટક કરેલ ત્રણેય આરોપીઓને ૩૩.૮ ગ્રામ ગાંજો પુરો પાડેલ હોવાનો આક્ષેપ છે જે આધારે પ્રથમથી જ અરજદાર/આરોપીનું એફ. આઈ.આર.માં નામ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જો અરજદાર/આરોપીને જામીનમુકત કરવામાં આવશે તો તેઓ ફરીથી આ પ્રકારની ગેરકાયદેસરની પ્રવૃત્તિ કરશે. જો તેઓને જામીનમુકત કરવામાં આવે તો તેઓ ફરિયાદ પક્ષના સાક્ષીઓને કોઈપણ પ્રકારે ટેમ્પર કરે તેમજ નામદાર કોર્ટમાં ગેરહાજર રહે તેવી શકયતા નકારી શકાય એમ નથી. જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

**૬.** બંનેપક્ષકારોની રજુઆત, તપાસ કરનાર અધિકારી દ્વારા રજૂ કરવામાં આવેલ સોગંદનામુ, ફરિયાદની હકીકત તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેવામાં આવેલ છે. સદર પોલીસ પેપર્સ ધ્યાને લેતા તેમજ અરજદાર/આરોપીનો આ ગુનાના કામે રોલ ધ્યાને લેતા અરજદાર/આરોપીએ અગાઉ અટક કરેલ ત્રણેય આરોપીઓને ૩૩.૮ ગ્રામ ગાંજો પુરો પાડેલ હોવાનો આક્ષેપ છે. સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ સ્મોલ કવોન્ટિટીમાં છે. નામ.સર્વોચ્ચ અદાલતે Sanjay Chandra vs CBI (2012) 1 SCC 40, ના કેસમાં

નીચે મુજબ ઓબ્ઝર્વેશન કરેલ છે.

In bail applications, generally, it has been laid down from the earliest times that the object of bail is to secure the appearance of the accused person at his trial by reasonable amount of bail. The object of bail is neither punitive nor preventative. Deprivation of liberty must be considered a punishment, unless it is required to ensure that an accused person will stand his trial when called upon. The courts owe more than verbal respect to the principle that punishment begins after conviction, and that every man is deemed to be innocent until duly tried and duly found guilty.

ઉપરોકત રજુ થયેલ નામ.સર્વોચ્ચ અદાલતનાં પ્રસ્થાપિત સિધ્ધાંતને હાલનાં કેસની હકીકત, સંજોગો સાથે ધ્યાને લેતાં જામીનનો હેતુ શિક્ષાત્મક નહી પણ ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી સુનિશ્ચિત કરવાનો છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામે રહે છે અને આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર નહી રહે તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવેલ નથી. અરજદાર/આરોપી સામેના ગુનાની ટ્રાયલ પુર્ણ થવામાં વિલંબ થાય તેમ હોવાથી અરજી ના મંજુર કરવાથી તેમને પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. અરજી મંજુર કરવાથી પુરાવા સાથે ચેડા થાય તેમ જણાતું નથી તેથી ફરીયાદ હકીકત, ગુન્હાની ગંભીરતા અને અરજદાર/ આરોપી સામેના સદર ગુનાની સજાની જોગવાઈ તેમજ તેમણે ગુનામાં ભજવેલ ભાગ ધ્યાને લેતા અરજદાર/આરોપી ગુજરાત રાજયનાં રહેવાસી હોઈ કેસની કાર્યવાહી દરમ્યાન ઉપલબ્ધ રહે તે માટે જરૂરી શરતોને આધારે જામીન મુકત કરવામાં આવે તો તેઓની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનીશ્ચિત થઈ રહે તેમ છે.

**(૬.૧)** આ સંજોગોમાં આ તબકકે પુરાવાની વિશેષ કોઈ ચર્ચા કર્યા સિવાય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૮૩ અન્વયે વિવેક બુધ્ધિની સત્તાનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય, ન્યાયી અને ઉચિત જણાતુ હોઈ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

**૧.** અરજદાર/આરોપી– **વાસુદેવ ઉર્ફે વાસુ ઈશ્વરભાઈ પાટીલ**નાઓની હાલની ફોજદારી

પરચુરણ જામીન અરજી નં.૨૫૦/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

**૨.** સ્ટેટ મોનીટરીંગ સેલ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૯૯૫૦૦૧૨૬૦૦૦૩/૨૦૨૬ થી ધી એન. ડી. પી. એસ. એકટ–૧૯૮૫ ની કલમ–૮(સી), ૨૦ [બી {II(એ)}], ૨૨(સી), ૨૯ તથા બી.એન. એસ.કલમ–૨૨૩ મુજબનાં ગુનાના કામે અરજદાર/આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા)નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા રજૂ કર્યેથી નીચેની શરતોને આધીન નિયમિત જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદાર/આરોપીએ પોતાની સ્વતંત્રતાનો કોઈ ગેરલાભ લેવો નહિ અને કોઈ ગુનાહિત કૃત્યમાં સામેલ થવું નહિ.

(૨) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષનાં પુરાવા સાથે ચેડાં કરવા નહિ તથા સાહેદોને ધાક–ધમકી,પ્રલોભનો આપી તોડવા, ફોડવાનો પ્રયત્ન કરવો નહિ.

(૩) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ મુદતે નિયમિત હાજર રહેવુ.

(૪) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર સમક્ષ તથા ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું રજૂ કરવું.

(૫) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું ટ્રાયલ કોર્ટ સમક્ષ કરવું.

(૬) અરજદાર/આરોપીએ સદરહુ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી સંબંધિત કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહી.

(૭) અરજદાર/આરોપીએ તપાસમાં સાથ સહકાર આપવો.

(૮) અરજદાર/આરોપીએ ચાર્જશીટ રજૂ થાય ત્યાં સુધી દર અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમાં એક વખત સંબંધિત પોલીસ સ્ટેશનમાં તપાસ કરનાર અમલદાર સમક્ષ સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ કલાક દરમ્યાન હાજરી પુરાવવી.

(૯) સદર હુકમમાં જરૂરી મોડીફીકેશનની સત્તા નામ.ટ્રાયલ કોર્ટને રહેશે.

જામીન ટ્રાયલ કોર્ટ સમક્ષ આપવા.

આ હુકમની જાણ સંબંધે જરૂરી યાદી કરવી.

*I/C-3rd Addl. District Judge, Navsari*

આ હુકમ આજરોજ તારીખ- ૨૦મી, માહે-માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૦.૦૩.૨૦૨૬
સ્થળ : નવસારી.

**( ચિન્મય. જી. મહેતા)**
**ઈ.ચા.**ત્રીજા એડીશનલ સેશન્સ જજ, નવસારી.
(કોડ નં-જીજે ૦૦૫૩૪)

*I/C-3rd Addl. District Judge, Navsari*